**શ્રી સિદ્ધહેમ પ્રકાશન નિધિ**
શ્રી ભોગીલાલ લહેરચંદના કૌટુંબિક ટ્રસ્ટના સહયોગથી
તથા શ્રી પાટણ જૈન મંડળ, મુંબઇના સૌજન્યથી

R. N. I. No. 48820 / 90,
Valid up to 31 - 12 - 2017
Posting Reg. No. G/PTN /42
Office of Posting : PATAN H.P.O.

# ઉદીચ્ય

**હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું**
**પાક્ષિક વૃત્તપત્ર**

''ઉદીચ્ય'' એટલે ઉત્તર દિશામાં આવેલું અથવા રહેલું સરસ્વતી નદીના ઉત્તર અને પશ્ચિમ કાંઠાનો પ્રદેશ.

**(સંપાદક મંડળ : ડૉ. શકુંતલા પટેલ, ડૉ. નિલેશ પટેલ)**

**સળંગ અંક : ૬૭૪**
✻
**વર્ષ ૨૯ : અંક ૧૬**
✻
**૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૬**

---

"Learning gives creativity, Creativity leads to thinking, Thinking provides knowledge, knowledge makes you graet."

Abdul Kalam

---

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલની રચના બાબતે ખાસ કરીને એક બાબત કોમન એક્ટની છે. આજે પણ જે એક્ટ જુદી જુદી યુનિવર્સિટીઓમાં અસ્તિત્વમાં છે તેની તમામ જોગવાઇઓ લગભગ સમાન છે. યુનિવર્સિટીઓનાં નામ અલગ છે. કોઇ સંશોધનાત્મક દષ્ટિકોણથી કોઇ સંશોધક ગુજરાતની તમામ યુનિવર્સિટીના એક્ટ તપાસી તુલનાત્મક સ્ટેટમેન્ટ બનાવે તો ખ્યાલ આવે કે મહદ્અંશે કેટલુંક સમાન જ છે. કોમન એક્ટની જોગવાઇઓ જે અગાઉ હતી તે આજના એક્ટ સાથે સરખાવી શકાય નહીં. કારણ કે કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ૩૩ રાજ્યોમાં અમલમાં આવેલી કાઉન્સિલ, યુ.જી.સી., એમ.એચ.આર.ડી. દ્વારા એક સંકલન, ભવિષ્યની યોજનાઓ, સુધારાઓ અને ફંડિંગના મોનીટરીંગ માટેની વ્યવસ્થા છે. આ ગાઇડલાઇન સમગ્ર દેશમાં આપવામાં આવેલ છે. તેનાથી તમામ યુનિવર્સિટીના હાલના કાયદામાં ફેરફાર થતો નથી. કાઉન્સિલના સેકશન-૧૫માં સુધારા અંગે ડાયરેકશન આપી શકે, નહીં કે એક્ટ વિરુદ્ધ જઇ કાઉન્સિલ કાર્ય કરી શકે.

એમ.એસ. યુનિવર્સિટીની સ્વાયત્તતા અંગેની ચર્ચા ગુજરાતના ઉચ્ચશિક્ષણની યુનિવર્સિટીઓમાં થયેલ કે એમ.એસ. યુનિવર્સિટીના ચાન્સેલરનો હોદ્દો દૂર થઇ જશે અને યુનિવર્સિટીની ઓટોનોમી નાબૂદ થઇ જશે. કાઉન્સિલમાં તમામ યુનિવર્સિટીના એક્ટમાંથી ચાન્સેલરનો હોદ્દો રદ કરવામાં આવેલ છે, પરંતુ આજ સુધીમાં એમ.એસ. યુનિવર્સિટી ઓફ બરોડામાંથી આ હોદ્દો દૂર થયો નથી. તેથી રાજ્ય સરકારે આ હોદ્દાનું સન્માન સાચવ્યું જ છે. ચાન્સેલર હોદ્દા માટે અલગથી એક્ટમાં સુધારો કરવો પડે. કાઉન્સિલના ચેરમેન કે સરકારના આદેશથી આવા હોદ્દાઓ દૂર થઇ શકે નહીં. જે આપણે બધા સમજીએ છીએ. એમ.એસ. યુનિવર્સિટીની ઓટોનોમી આજે પણ છે. તેના એક્ટના સુધારા માટે ધારાસભા/વિધાનસભામાં જ જવું.

સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલની રચનાનો મુખ્ય હેતુ અને પ્રયત્નો વહીવટી/ગુણવત્તા સુધારણા માટે રહે તો એક વાત ચોક્કસ છે કે ઉચ્ચ શિક્ષણમાં ચાલતા તમામ અભ્યાસક્રમોમાં નવીનતા અને કૌશલ્યોનો વિકાસ થાય તેવા પાઠ્યક્રમોના નિર્માણ કે પુનર્ગઠનને ઉત્તેજન મળે જે પ્રવર્તમાન ઉચ્ચશિક્ષણની અનિવાર્યતા છે. સરકારશ્રીની રાજ્ય કે કેન્દ્રમાં આવતી ગ્રાન્ટો સમયસર આવે અને યોગ્ય ઉપયોગ થઈ વિકાસની દિશા પણ નિશ્ચિત કરવી અનિવાર્ય છે. આપણા ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ સુવિધાઓ, શ્રેષ્ઠ અભ્યાસક્રમો અને શ્રેષ્ઠ માર્ગદર્શન મેળવીને વૈશ્વિક સ્પર્ધામાં હરીફાઈ કરવામાં ક્યાંય પાછા ન પડે તે જોવાની ફરજ આપણા સૌની છે, તે અભિગમથી જ કાઉન્સિલની રચનાને જોવી રહી. વળી માનવ મૂલ્યોનું ઊર્ધ્વીકરણ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સાતત્યપૂર્વક ઉચ્ચ શિક્ષણની સાથે થતું રહે જેથી એક વિશ્વમાનવ તરીકે પણ વિદ્યાર્થી વિકસે તે માટે ભારતીય મૂલ્યોની પાયાની બાબતો જે વિશ્વકક્ષાએ પણ સર્વસ્વીકૃતિ છે તેવી વિષયવસ્તુ ઉચ્ચશિક્ષણ દ્વારા પ્રાપ્ત કરે તે જોવું રહ્યું.

આમ સમગ્રતઃ એક યુવાનનું વિશ્વમાં શિક્ષિત-માનવી મૂલ્યો સભર પૂર્ણ વ્યક્તિત્વ ઉચ્ચ શિક્ષણ દ્વારા ઘડાય અને વિસ્તરે તે પ્રયાસોની દિશામાં પ્રતિબધ્ધતા કેળવવાની અપેક્ષાઓ સહ.

**તા. ૧૬-૯-૨૦૧૬**
**પાટણ.**

**ડૉ. દીપુબા દેવડા**
ઉપકુલપતિશ્રી

# સંસ્થા સમાચાર

**વર્કશોપ**

✻ **આર્ટ્સ કોલેજ, વડાલી** અને અખિલ ગુજરાત મહિલા સંસ્થા 'શક્તિમંચ'ના સંયુક્ત ઉપક્રમે કોલેજના આચાર્યશ્રી ડૉ. એન.આર. પટેલની પ્રેરણા અને પ્રો. આરતીબેન રાઠોડના માર્ગદર્શન હેઠળ કોલેજની વિદ્યાર્થિનીઓ માટેના વ્યક્તિત્વ વિકાસ અંગનો વર્કશોપ ૨૫મી જુલાઇથી ૨૮મી જુલાઇ, ૨૦૧૬ દરમિયાન યોજાઇ ગયો. શ્રી કૌશિકભાઇ તન્નાએ 'બ્યુટીકેર' અંગેની ટીપ્સનું થીયરી અને પ્રેક્ટીકલ રીતે વિદ્યાર્થિનીઓ સમક્ષ નિદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. દિવ્યાબેન પટેલ સંભાળ્યું હતું.

✻ હેમ.ઉ.ગુજ.યુનિ., પાટણ સંલગ્ન અને વિશ્વમંગલમ્ કે. મંડળ હિંમતનગર સંચાલિત **મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી** ખાતે તા. ૮-૭-૨૦૧૬ના રોજ એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે પ્રિ. ડૉ. કે.એલ. પટેલના માર્ગદર્શન નીચે કેરિયર ગાઇડન્સ વર્કશોપ કાર્યક્રમ યોજાયો. જેમાં વક્તા તરીકે મા. વિષ્ણુભાઇ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાનગરીની ૧૪૦ વિદ્યાર્થિનીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. લક્ષ્ય વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી એવું જણાવી પ્રિ. ડૉ. કે.એલ. પટેલે તમામને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રકાશ એચ. પટેલ તેમજ પ્રા. રમણભાઇએ કાર્યક્રમનું સંચાલન કર્યું. શિક્ષણ ઉપયોગી આ કાર્યક્રમમાં સ્ટાફ મિત્રો તેમજ સેવક મિત્રોના સહકાર રહ્યો હતો. ગુજરાતી તેમજ હિન્દી વિભાગના અધ્યક્ષોની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ સફળ રહ્યો હતો.

✻ તા. ૨૬-૭-૨૦૧૬ થી તા. ૨૯-૭-૨૦૧૬ દરમ્યાન રામચંદ્ર મિશન સંસ્થા, અડાલજ અમદાવાદ મુકામે ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા આયોજીત એન.એસ.એસ.ના રાજ્ય કક્ષાના કલ્ચર વર્કશોપમાં ત્રીજા વર્ષના શૈલેષભાઇ ઉમોટ, વિષ્ણુભાઇ પરમાર, લાલાભાઇ રાઠોડ અને બીજા વર્ષના ભદ્રેશભાઇ વિરપરિયા ભાગ લઇ આવ્યા. વિષ્ણુભાઇ લાલાભાઇ અને ભદ્રેશભાઇએ ડ્રામા વિભાગ અને શૈલેષભાઇએ મ્યુઝીક-વોકલની તાલીમ લઇ તા. ૨૯-૭-૨૦૧૬ના રોજ સુંદર મજાનો કાર્યક્રમ પણ રજૂ કર્યો હતો.

**સ્પર્ધા**

✻ **આર્ટ્સ કોલેજ, વડાલી**નાં આચાર્યશ્રી એન.આર. પટેલના માર્ગદર્શન હેઠળ કોલેજમાં કલા-કૌશલ્ય ધારા હેઠળ તા. ૨૯-૮-૨૦૧૬ના રોજ મહેંદી અને કેશગુંફન સ્પર્ધાનું આયોજન પ્રા. ડૉ. દિવ્યાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમક્રમે કિંજલ ઉદાવત, દ્વિતીયક્રમે ફોરમ સુખડીયા અને તૃતીયક્રમે રેખા વાઘેલા વિજેતા થયા હતા. જ્યારે કેશગુંફન સ્પર્ધામાં પ્રથમક્રમે વીણા સગર, દ્વિતીયક્રમે ધરતી મકવાણા, તૃતીયક્રમે સપના સગર વિજેતા થયા હતા. કુલ ૨૨ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયકની ભૂમિકા પ્રા. ડૉ. ટી.ડી. પટેલ અને પ્રા. આરતી રાઠોડે ભજવી હતી.

✻ શ્રી બાબુલાલ પૂનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત **શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા**માં ૧૫મી ઓગસ્ટના રોજ સપ્તધારા દ્વારા કેન્દ્ર સરકારના પ્રકલ્પ આઝાદી-૭૦ યાદ કરો કુરબાની' અન્વયે દેશભક્તિ ક્વીજ સ્પર્ધા યોજવામાં આવી. જેમાં સ્વાતંત્ર્ય પર્વ આધારિત પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ૧૧૨થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું આયોજન પ્રિન્સિપાલશ્રી ડૉ. જયેશ બારોટના માર્ગદર્શન હેઠળ સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા દ્વારા ડૉ. રાકેશકુમાર જોષી અને ડૉ. મનીષભાઇ ચૌધરીએ કર્યું હતું.

✻ શ્રી બાબુલાલ પૂનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત **શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા**માં ૧૫મી ઓગસ્ટના રોજ સપ્તધારા અને એન.એસ.એસ. દ્વારા કેન્દ્ર સરકારના પ્રકલ્પ 'આઝાદી-૭૦ યાદ કરો કુરબાની' અન્વયે રંગોલી સ્પર્ધા યોજવામાં આવી. જેમાં પ્રથમક્રમે ચૌહાણ તેજલ, જોષી જીનલ ગ્રૂપ વિજેતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રિન્સીપાલશ્રી ડૉ. જયેશ બારોટના માર્ગદર્શન હેઠળ રંગ કૌશલ્યધારાના પ્રભારી અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ભારતીબેન પટેલે સમગ્ર સ્પર્ધાનું સુંદર આયોજન કર્યું હતું.

✻ શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત **શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા**માં ૧૫મી ઓગસ્ટના રોજ સપ્તધારા અને એન.એસ.એસ. દ્વારા કેન્દ્ર સરકારના પ્રકલ્પ 'આઝાદી-૭૦ યાદ કરો કુરબાની' અન્વયે દેશભક્તિ ગીત સ્પર્ધા યોજવામાં આવી. જેમાં પ્રથમક્રમે મીર આરઝુ, દ્વિતીયક્રમે ઉજ્જૈનિયા ભૂમિકા તથા તૃતીયક્રમે શ્રીમાળી મેહુલ વિજેતા જાહેર થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન પ્રિન્સીપાલશ્રી ડૉ. જયેશ બારોટના માર્ગદર્શન હેઠળ ગીત સંગીતધારાના પ્રભારી ડૉ. દિપિકાબેન રોહિતે કર્યું હતું. વિજેતા સ્પર્ધકોને લાયન્સ કલબ ઓફ સતલાસણાના સેક્રેટરી ડૉ. રાકેશકુમાર જોષી દ્વારા ઇનામ આપવામાં આવ્યા હતાં.

✻ **શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુર** દ્વારા તા. ૯-૮-૨૦૧૬ના રોજ કલા-કૌશલ્ય ધારા દ્વારા રંગોળી, મહેંદી, કેશગુંફન તથા વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ રંગો તેમજ વિવિધ દ્રવ્યોના સંયોજનથી રંગોળી પૂરી વિદ્યાર્થિનીઓએ તેમની કલાસૂઝ દર્શાવી હતી. મહેંદી સ્પર્ધામાં મહેંદી દ્વારા વિવિધ આકૃતિઓ રચી નિર્ણાયકો માટે પડકારરૂપ સ્પર્ધા બનાવી હતી. કેશગૂંફન સ્પર્ધામાં વ્યવસાયકારોની જેમ કેશમાં સુંદર સુશોભન કર્યું હતું. વાનગી સ્પર્ધામાં પણ બટાટાની વાનગીઓ બનાવહી વિદ્યાર્થિનીઓએ બહતેનોએ નિર્ણાયક તરીકેની સેવાઓ આપી હતી. મહેંદી સ્પર્ધામાં પ્રથમક્રમે ચિસ્તી નાઝરીન, દ્વિતીયક્રમે ધોબી વનિતા તથા તૃતીયક્રમે જોષી સોનલ વિજેતા જાહેર કરાયા હતાં. વાનગી સ્પર્ધામાં પ્રથમક્રમે પટેલ અપેક્ષા, દ્વિતીયક્રમે પટેલ પ્રિયંકા તથા તૃતીયક્રમે પટેલ ધારા વિજેતા જાહેર કરાયા હતા. રંગોળી સ્પર્ધામાં પ્રથમ રસોડાની કલાને પ્રદર્શિત કરી તેમની આવડત રજૂ કરી હતી. સર્જનાત્મક એવી આ સ્પર્ધાઓમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. લાયોનેસ કલબની ક્રમે બારોટ રીચા, દ્વિતીયક્રમે ધોબી મેઘના તથા તૃતીયક્રમે પટેલ કોમલ વિજેતા

જાહેર કરાયા હતા. કેશગૂંફન સ્પર્ધામાં પ્રથમક્રમે પટેલ અપેક્ષા દ્વિતીયક્રમે સુથાર ભૂમિકા તથા તૃતીયક્રમે પટેલ નિરાલી વિજેતા જાહેર કરાયા હતા. પ્રિ. શ્રી ડૉ. સુરેશભાઇ પટેલે વિજેતાઓ તથા સ્પર્ધક બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. લાયન્સ કલબ કાંઠા વિસ્તાર દ્વારા વિજેતા બહેનોને ઇનામ આપવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. જે.એમ. પટેલ તથા ડૉ. આર.એ. પટેલે કર્યું હતું.

**ઉજવણી**

✻ **શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વર** ખાતે આચાર્ય ડૉ. રાજેશ ત્રિવેદીની પ્રેરણાથી ૭૦મા સ્વાતંત્ર પર્વ નિમિત્તે યાદ કરો કુરબાની કાર્યક્રમ યોજાયો. જેમાં ચિત્ર સ્પર્ધા, સ્લોગન રાઇટીંગ અને ફ્રિડમ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધા અને સ્લોગન રાઇટીંગમાં પંદર-પંદર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમક્રમે બી.એ. સેમ-૩ની વિદ્યાર્થિની ઝાલા મનહરબા લક્ષ્મણસિંહ રહ્યા હતાં. જ્યારે ફ્રિડમ દોડમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ભાઇઓમાં પ્રથમક્રમે બી.એ. સેમ-૪નો વિદ્યાર્થી દેસાઇ સંજય રહ્યો હતો. જ્યારે બહેનોમાં સિંધવ રશ્મિ પ્રથમ આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન રમત-ગમત વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેશ રબારીએ કર્યું હતું. ચિત્રસ્પર્ધા અને સ્લોગન રાઇટીંગ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. મૂળજીભાઇ પટેલ અને ડૉ. રણછોડભાઇ રબારીએ ભૂમિકા ભજવી હતી.

✻ સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત **શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા** અને તેની ભગિની સંસ્થાઓ દ્વારા તા. ૧૫-૮-૨૦૧૬ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવેલ. જે અંતર્ગત સૌપ્રથમ ''સ્વાતંત્ર્ય દોડ'' વિદ્યાર્થી ભાઇ-બહેનો દ્વારા યોજવામાં આવેલ. બીજા ચરણમાં સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, મહેસાણાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી કે.કે. પટેલના વરદ્ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. ધ્વજવંદન બાદ સર્વે ઉપસ્થિત સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થી ભાઇ-બહેનો દ્વારા તિરંગા ગીત ગાવામાં આવ્યું. ત્રીજા ચરણમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના ગીતો અને નૃત્ય રજૂ કરવામાં આવ્યા હતાં. અને અંતિમ ચોથા ચરણમાં કલેજ કેમ્પસમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ હળવો નાસ્તો કરીને સર્વે વિદ્યાર્થીઓ છૂટા પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા કરવામાં આવેલ.

✻ **આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુ**માં ૭૦માં આઝાદીના પર્વ નિમિત્તે 'યાદ કરો કુરબાની' અંતર્ગત પખવાડિયાની ઉજવણી કરવામાં આવી. જેમાઃ અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમક્રમે ચૌધરી શિતલ, બીજાક્રમે ઠાકોર ગોપાલજી, ત્રીજાક્રમે ચમાર શૈલેષ. નિબંધ સ્પર્ધામાં પરમાર પરેશ પ્રથમ, ઠાકોર ગોપાલજી દ્વિતીય, તથા ઠાકોર વિપુલ તૃતીય. દોડ સ્પર્ધામાં પ્રથમ ભાઇ-બહેન રાણા અશ્વિન, ચૌધરી વનિતા દ્વિતીયક્રમે રાણા વિપુલ, ઠાકોર ઉષા તૃતીયક્રમે, ચૌધરી પ્રતિક, પ્રજાપતિ સોનલ, રંગોળી સ્પર્ધામાં પ્રથમ મોગલ શાફિનાબાનુ દ્વિતીય સૈયદ મીસ્બા તથા ચિત્ર સ્પર્ધામાં પરમાર કર્તવ્ય પ્રથમ રહ્યા હતાં. તા. ૨૩-૮-૧૬ના દિવસે રાષ્ટ્રગીત ગાન કરવામાં આવ્યું હતું. જેનાં ઇન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી તથા સમગ્ર કોલેજ પરિવારે ઉત્સાહભેર ભાગ લઇ આ સમગ્ર પખવાડીયાની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

✻ **આર્ટ્સ કોલેજ, શામળાજી**માં તા. ૯-૮-૨૦૧૬ને 'વિશ્વ આદિવાસી દિન' નિમિત્તે કોલેજના પ્રિન્સીપાલ ડૉ. અજય પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. ભરતભાઇ પટેલના સંચાલનમાં આદિવાસી વિદ્યાર્થીઓએ પોતાની સંસ્કૃતિ ટકાવી રાખવા આદિવાસી ગીત, નાટક, લગ્નગીત ઇત્યાદિ પોતાની ભાષામાં, આગવી શૈલી અને પોષાકમાં સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી શાનદાર રજૂ કરી વ્યસન મુક્તિ અને અંધશ્રદ્ધા નિવારણથી આદિવાસી સમાજનો ઉદ્ધાર અને પ્રગતિ શક્ય છે તે સાબિત કરેલ. પ્રા. વસંત ગાંવિત અને રેખા ગડસાએ સદર પ્રસંગે પોતાનાં મંતવ્યો રજૂ કરેલ. સંસ્થાના આદ્ય સ્થાપક અને પૂર્વ ધારાસભ્ય સ્વ. શ્રી કલજીભાઇ કટારાને આ દિને યાદ કરી સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ. ડૉ. અશોક યાદવે વિદ્યાર્થીઓને આવકારી તેઓને જુસ્સો પૂરો પાડેલ. કાર્યક્રમના અંતે ડૉ. દિલીપ પટેલે આભારવિધિ કરેલ. કાર્યક્રમને રજૂ કરતા ડૉ. હેમંત પટેલ તથા ટીમે સન્નિષ્ઠ પ્રયત્નો હાથ ધરેલ. સમગ્ર સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કાર્યક્રમ માણી સાચા અર્થમાં 'વિશ્વ આદિવાસી દિન' ઉજવેલ.

✻ એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત **મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી**માં તા. ૮-૮-૨૦૧૬ના રોજ સંસ્કૃત વિભાગ દ્વારા 'શિવારાધના' કાર્યક્રમ સંપન્ન થયો. પ્રિ. ડૉ. હિનાબેન પટેલે આશીર્વચન આપ્યા હતા. ડૉ. વંદનાબેન ઠક્કરે છાત્રાઓને સ્મૃતિચિહ્નો આપી પ્રોત્સાહિત કરી હતી. આ કાર્યક્રમમાં ધૃતિ, ગાયત્રી, ધિરલ, આરતી, કાજલ, કોમલ, અંજલિ, આરતી ડી. રચના, હેમાંગી, જ્યોતિ, નિકિતા, ઊર્મિલા, પિન્કી તથા કાજલ વગેરે છાત્રાઓએ શિવ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતાં. કાર્યક્રમના ઇવેન્ટ મેનેજર તથા માર્ગદર્શક ડૉ. મનસુખ પટોલિયા રહ્યા હતા. ગાયત્રી કુંભારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

✻ **ગ્રામસેવા મહાવિદ્યાલય ગ્રામભારતી, અમરાપુર** ખાતે જ્ઞાનધારા અને એન.એસ.એસ. એકમના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. જેમાં બી.આર.એસ. કોલેજના ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓએ ગુરુનું મહાત્મ્ય સમજાવતા વક્તવ્યો આપ્યા. તેમજ કાર્યકર્તાઓમાં શ્રી નિરવભાઇ જોષી તેમજ અધ્યાપક, શ્રી મદનસિંહ રાઠોડ ગુરુપૂર્ણિમાની પ્રાચીન પરંપરાથી લઇ અર્વાચીન યુગમાં પણ તેનું તેટલું જ મહત્ત્વ છે. એમના લાક્ષણિક મુદ્દામાં પ્રેરક અને આકર્ષક વાતો રજુ કરી સૌને ધન્ય કરી દીધા. કુમકુમ અક્ષત વડે સૌને પવિત્ર તહેવારની પ્રતીતિ કરાવી. સમાપન સંસ્થાના નિયામકશ્રી અમૃતભાઇ પટેલે કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલનશ્રી નરેશભાઇ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ એસ.વાય. બી.આર.એસ.ના વિદ્યાર્થી શ્રી હિતેશ વણકરે કર્યુ અને અંતમાં ખારેકનું વિતરણ કરી સૌનું મોં મીઠું કર્યું.

✻ **શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વર** મુકામે ગુજરાતના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની ૧૦૫મી જન્મજયંતીની અને અંગ્રેજી સર્જક અર્નેસ્ટ હેમિંગ્વેની જન્મજયંતીની

ભવ્ય ઉજવણી કરાઇ. કોલેજના સંચાલકશ્રી નવિનભાઇ ભોજકે ઉમાશંકર જોશી અને હેમિંગ્વેના જીવન અને કૃતિઓ વિશે રસપ્રદ વકતવ્ય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજેશ એચ. ત્રિવેદીએ સર્જક ઉમાશંકર જોશીના જીવન અને સાહિત્યસર્જન તેમજ અંગ્રેજી સર્જક હેમિંગ્વેની કૃતિઓનો રસપ્રદ આસ્વાદ કરાવ્યો હતો. આ ઉપરાંત કોલેજની ગુજરાતી વિભાગની વિદ્યાર્થિનીઓ જોશી પૂનમ અને ગોહિલ જલ્પાએ ઉમાશંકર જોશીના સર્જન વિશે તથા અંગ્રેજી વિભાગની વિદ્યાર્થિનીઓ મોરી જલ્પા અને ઠાકર ઉન્નતિએ હેમિંગ્વેના જીવન તથા કવન વિશે વક્તવ્ય આપ્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. મુકેશપુરી સ્વામીએ સર્જક ઉમાશંકર જોશીના જીવન અને સર્જન વિશે રસપ્રદ વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. નેહાબેન દેસાઇએ જ્યારે આભારવિધિ પ્રા. આરતીબેન ગોહિલે કરી હતી.

❊ **શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વર**માં પ્રેમચંદની ૧૩૬મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. જેમાં રાઠોડ જ્યોત્સના, વાઘેલા મનિષા, દરજી હિરલે 'તેરી પનાહ હમેં રખના'... શબ્દોથી પ્રાર્થનાની શરૂઆત કરી. ત્યારબાદ પાઠક માનસીએ પ્રેમચંદના વ્યક્તિત્વ અને કૃતિત્વ પર પ્રકાશ પાડ્યો. કોલેજના આચાર્ય ડૉ. રાજેશ ત્રિવેદીએ 'કલમના સિપાઇ' પ્રેમચંદના 'ગોદાન' ઉપન્યાસ પર અને તેમની પ્રસિધ્ધ કહાનિયોં પર વિસ્તારથી પોતાના વિચારો રજૂ કર્યા. આ પ્રસંગે બારોટ હરજીવને 'નમક કા દારોગા' કહાની તથા મલીણીયા મનોજે 'સદ્‌ગતિ' કહાનીઓનો રસાસ્વાદ કરાવ્યો. આ પ્રસંગે મોરી જલ્પાએ 'કર્મભૂમિ' ઉપન્યાસનો કથાસાર તથા ગ્રામીણ સંસ્કૃતિની વિસ્તારથી ચર્ચા કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન કોલેજની વિદ્યાર્થિની બહેનોએ જેમાં ચાવડા નર્મદા અને ગૌસ્વામી નિરમાએ કર્યું હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમના માર્ગદર્શન તથા આભારવિધિ હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. મુળજીભાઇ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

❊ હેમ.ઉ.ગુજ.યુનિ., પાટણ સંલગ્ન અને વિશ્વમંગલમ્ કે. મંડળ હિંમતનગર સંચાલિત **મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી**ના એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે પ્રિ. ડૉ. કે.એલ. પટેલના માર્ગદર્શન તેમજ પ્રા. ડૉ. પ્રકાશભાઇ પટેલના સંચાલન હેઠળ કલેજમાં રક્ષાબંધન પર્વ ઉજવણી કાર્યક્રમ યોજાયો. તેમજ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જઇ બહેનોએ વ્યસની ભાઇઓને રાખડી બાંધી વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લેવડાવી આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થિનીઓએ અધ્યાપકોને પણ રાખડી બાંધી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે પ્રા. ડૉ. અરવિંદ પટેલે પ્રસંગોચિત પ્રવચનમાં રક્ષાબંધન પર્વના મહાત્મ્ય વિશે વિચારો ઉજાગર કર્યા હતા. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં પટેલ નિકિતા, પારગી ખુશ્બુ, પટેલ નૌકા, પિત્રોડા ભૂમિ, વણકર ભાવિકા, પટેલ માનસી વગેરેએ આ કાર્યક્રમનું નેતૃત્વ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા પ્રો. ડૉ. આર.જે. જોષી, પ્રો. વી.જી. પટેલ, પ્રા. ડૉ. ભાઇલાલ પટેલ, પ્રા. બી.એફ. દેસાઇ, પ્રા. ડૉ. એ.વી. દેસાઇ, પ્રો. આર.એમ. પટેલ તેમજ સ્ટાફમિત્રોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો. આવા સુંદર કાર્યક્રમોના આયોજન બદલ મંડળના પ્રમુખ મા.શ્રી ડી.એલ. પટેલે આયોજકોને બિરદાવી અભિનંદન આપ્યા હતાં.

**શિબિર**

❊ તા. ૨૩-૬-૨૦૧૬ના રોજ **બી.કે. મર્કેન્ટાઇલ બેંક લૉ કોલેજ, પાલનપુર** દ્વારા મોરીયા ગામમાં 'કાનૂની સાક્ષરતા' શિબિરનું આયોજન કરેલ. જેમાં પ્રથમ રેલી કાઢી અને કાનૂની સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. પ્રાથમિક શાળા મોરીયાના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ અને ગામના લોકો એકત્રિત થયા હતા. કાર્યક્રમની રૂપરેખા અને કોલેજની માહિતી લૉ કોલેજના કાર્યકારી આચાર્ય શ્રીમતી આરતીબેન એ. દીવેએ આપી. 'બંધારણ' વિષય પર કોલેજના સિનિયર અધ્યાપક શ્રી અશ્વિનભાઈ કારીઆએ વ્યાખ્યાન આપેલ. 'શિક્ષણ અધિકાર કાયદો' પર કૉલેજના અધ્યાપક શ્રીમતી માનસીબેન શાહે વ્યાખ્યાન આપ્યું. 'માહિતી અધિકાર ધારો' વિષય પર શ્રી જગદીશ દેસાઇ (ટી.વાય.એલએલ.બી.)ના વિદ્યાર્થીએ વ્યાખ્યાન આપેલ. સમસ્ત કાર્યક્રમનું સંચાલન અધ્યાપક શ્રીમતી યશસ્વીબેન પંડ્યાએ કરેલ. તેમજ આભારવિધિ અધ્યાપકશ્રી ચંદ્રેશભાઇ ભાંભીએ કરેલ. 'કાનૂની સાક્ષરતા' શિબિરમાં કોલેજના ૪૦ વિદ્યાર્થીઓ ભાગ લીધલ.

❊ વિદ્યા જગતમાં સોશિયલ મિડીયાને કારણે ઘટતી જતી વાંચનવૃત્તિમાં જાગૃત્તિ પ્રેરવાના હેતુથી **જી.ડી. મોદી કોલેજ ઓફ આર્ટ્સ અને બી.કે. મર્કેન્ટાઇલ બેંક લૉ કોલેજ, પાલનપુર**નાં સંયુક્ત ઉપક્રમે ૧૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓની વાંચન શિબિર તા. ૩૦-૭-૨૦૧૬ના રોજ પૂર્ણ દિવસ માટે યોજાયેલ. મહેમાન વક્તાઓ તરીકે નિવૃત સંનદી અધિકારી ડંકેશ ઓઝા, ગુજરાત વિદ્યાપીઠના વિભાગીય અધ્યક્ષ પ્રોફેસર ઉષાબેન ઉપાધ્યાય અને જાણીતા શાયર મુસાફરી પાલનપુરી ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટન સમારંભમાં પ્રોફેસર એ.ટી. સિંધીએ વાંચન શિબિરની ભૂમિકા સમજાવી હતી. પ્રોફેસર સોહન દવેએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જિલ્લાભરમાંથી ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓએ કૃતિ વાંચવા માટે એક કલાકનો સમય ફાળવાયેલો અને તેના ઉપર વિદ્યાર્થીઓએ પોતાની સમીક્ષા પર રજુ કરી હતી. તેમાં પ્રોફેસર ડૉ. કલ્પનાબેન ગાંવિત અને પ્રોફેસર યશસ્વી પંડ્યાની બનેલી નિર્ણાયક સમિતિએ રાજપૂત હર્ષાબેનને પ્રથમ, હરચંદ ચૌહાણને દ્વિતીય અને કિરીટ રાવતને તૃતીય સ્થાન જાહેર કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર ચંદ્રેશ ભાંભી અને પ્રોફેસર યશસ્વી પંડ્યાએ કરેલ ઉદ્‌ઘાટન સમારંભ અધ્યક્ષ મંડળના પ્રમુખશ્રી શિરિષકુમાર મોદીએ વાંચનનું મહત્ત્વ સમજાવેલું હતું. સમારંભમાં આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ. સંતોષ ચૌહાણ અને લૉ કોલેજના ઇન્ચાર્જ આચાર્ય શ્રીમતી આરતી દીવે ઉપસ્થિત રહેલા હતા. કાર્યક્રમની આભાર વિધિ પ્રોફેસર શ્રીમતી માનસી શાહે કરેલ.

**કાર્યક્રમ**

❊ **શ્રી અને શ્રીમતિ પી.કે. કોટાવાલા આર્ટ્સ, પાટણ**ના મનોવિજ્ઞાન વિભાગ અને આર.આર.સી.પી. સમિતિ દ્વારા તા. ૧૩-૮-૨૦૧૬ને શનિવારને રોજ એચ.આઇ.વી. એઇડ્સ જાગૃતિ અંગે વ્યાખ્યાન કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેમાં પ્રા. વિશ્વાસ કે.

પ્રજાપતિએ વિદ્યાર્થીઓને એચ.આઇ.વી. એઇડ્સના લક્ષણો, કારણો, અટકાવવાનો ઉપાયો વિષે સરળ શબ્દોમાં અદ્યતન વૈજ્ઞાનિક માહિતી સમજાવી હતી. તેમણે પાવર પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને એઇડ્સ રોગ પ્રત્યે જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પરિણામે વિદ્યાર્થીઓ દ્વારા થયેલી પ્રશ્નોત્તરી ખૂબ જ રસપ્રદ બની હતી. કોલેજના આચાર્યશ્રીએ એઇડ્સ બિમારીનો પરિચય આપી આ કાર્યક્રમનું મહત્ત્વ સમજાવ્યું હતું. પ્રા. સી.એસ. પટેલે વક્તાનો પરિચય આપી સ્વાગત કર્યું હતું. અંતમાં ડૉ. પરિક્ષિત બારોટે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ઉર્વીબેન ગોસ્વામીએ કર્યું હતું. વિદ્યાર્થીઓના સક્રિય સહકારથી સમગ્ર કાર્યક્રમ જીવંત અને સફળ બન્યો હતો.

✲ **શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરમાં** એન.એસ.એસ. ઉપક્રમે 'વ્યસનમુક્તિ' વિષય પર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. રાજેશ ત્રિવેદીએ વ્યસન એ મૂલ્યવાન કસમયે મૃત્યુને આમંત્રિત કરે છે. વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા. કોલેજના સંચાલક નવીનભાઇ ભોજકેએ 'વ્યસન પ્રતિભા'ને ખંડિત કરે છે વિશે મનનીય પ્રવચન આપ્યું. જ્યારે પ્રવિણભાઇ બારોટએ પ્રેઝન્ટેશન દ્વારા 'વ્યસન-મુક્તિ'ને હાસ્યવ્યંગ્યથી રોચક બનાવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન હિન્દી વિષયના અધ્યાપક ડૉ. મૂળજીભાઇ પટેલ તથા આભારવિધિ એન.એસ.એસ.ના પ્રો.ઓ. હિતેશદાન ગઢવીએ કરી હતી.

✲ **શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ** દ્વારા આયોજીત ટ્રાફિક સુરક્ષા અને લાયસન્સ મેળવવા માટે જરૂરી આધારોની સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ વધુને વધુ લાયસન્સ મેળવે તેવી સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી શ્રીમતી વલ્લરીબેન હાથીએ કરી હતી. આ કાર્યક્રમમાં પોલીસ વિભાગના ડી.વાય.એસ.પી. શ્રી સોલંકી સાહેબ, પાટણ તથા ડી.વાય.એસ.પી. સિધ્ધપુર અને આર.ટી.ઓ. શ્રી રાણા સાહેબ પાટણ સદભાવના ગ્રૂપના હરેશભાઇ ચૌધરી પાલનપુર વિગેરે ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપેલ હતું. પ્રિ. શ્રી ડૉ. એલ.એસ. પટેલ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. આભારવિધિ ડૉ. એ.બી. ત્રિવેદી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. આર.એસ. પટેલ કર્યું હતું.

✲ તા. ૨-૭-૨૦૧૬ના રોજ કોલેજની સપ્તધારા અંતર્ગત **શ્રી જે.એસ. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ.એન. પટેલ કોમર્સ મહિલા કોલેજ, ઊંઝામાં** ''કુદરતી આપત્તિ કાળે સ્વબચાવ'' વિશેનો કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. લીલાબેન સ્વામીના અધ્યક્ષસ્થાને યોજાઇ ગયો. સમગ્ર કાર્યક્રમમાં કરશનભાઇ પ્રજાપતિએ આપત્તિના સમયે સ્વબચાવ કેવી રીતે કરી શકાય તેની માહિતી તેમજ પ્રેક્ટીકલ જ્ઞાન પીરસ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. મહેન્દ્રભાઇ પટેલે કર્યું હતું.

✲ તા. ૮-૮-૨૦૧૬ના રોજ **શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં** વિદ્યાર્થી પ્રતિનિધિઓની સભા યોજવામાં આવી હતી. જે અંતર્ગત આવેલ વિદ્યાર્થી પ્રતિનિધિઓએ જનરલ સેક્રેટરી, સહમંત્રીઓ, લેડીઝ રીપ્રેઝન્ટેટીવ અને ખજાનચી જેવા હોદ્દેદારોની ચૂંટણી પ્રક્રિયા દ્વારા નિમણૂંક કરી હતી. કોલેજના આચાર્યશ્રી ડૉ. રાકેશ રાવે વિદ્યાર્થી પ્રતિનિધિઓની કોલેજની પ્રવૃત્તિઓમાં તેમની જવાબદારીઓની વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજલન વિદ્યાર્થી પ્રતિનિધિ કમિટિ દ્વારા કરવામાં આવ્યું હતું.

**ગૌરવ**

✲ **આર્ટ્સ કોલેજ, શામળાજી** એન.એસ.એસ.ના બે સ્વયં સેવકો બાંગા પ્રિન્સુ અને અસારી દેવ્યાનીએ તાજેતરમાં યોજાયેલ ચાર દિવસીય 'સ્ટેટ લેવલ કલ્ચરલ વર્કશોપ' અમદાવાદ ખાતે ભાગ લઇ કોલેજનું નામ રોશન કરેલ છે. બંને બહેનો મ્યુઝિક, ફોક ડાન્સ, યોગનું જીવનમાં મહત્ત્વ, વૃક્ષારોપણ, ચિત્રકામ, રંગકામ વગેરે જેવા કાર્યક્રમોમાં જોડાયેલ. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. અજય પટેલે બંનેના ઉજ્જવળ ભાવિ માટે શુભેચ્છાઓ પાઠવેલ. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભરત પટેલ અને ડૉ. ઉર્વશી પટેલે કાર્યક્રમમાં જોડાવા યોગ્ય માર્ગદર્શન આપી બંનેનો ઉત્સાહ વધારેલ.

✲ ૭ ગુજરાત એન.સી.સી. બટાલિયન દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલ સી.એ.ટી.સી. કેમ્પમાં **આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના** એન.સી.સી. કેડેટ રાણા વિપુલ દોડની સ્પર્ધામાં પ્રથમક્રમે વિજેતા બનેલ. તેમજ એન.સી.સી. વિભાગ, અમદાવાદ દ્વારા ચિલોડા ખાતે યોજાયેલ આર્મી એટેચમેન્ટ કેમ્પમાં ચૌધરી કિશન વૉલીબોલની સ્પર્ધામાં સિલેકશન ટીમમાં પસંદગી પામેલ. બંને કેડેટ્સનું એન.સી.સી. યુનિટ દ્વારા ગોલ્ડમેડલ એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ કોલેજના પ્રમુખશ્રી એમ.એસ. દેસાઇ સાહેબ, કાર્યકારી આચાર્યશ્રી કે.બી. પટેલ તથા એન.સી.સી. કેર ટેકર ઓફિસરશ્રી આર.કે. પટેલે બંને કેડેટ્સને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ સિદ્ધિ મેળવવા બદલ સમગ્ર કોલેજ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.

**જન્મજયંતિ**

✲ **શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરમાં** ગુજરાતી વિભાગ દ્વારા ઝવેરચંદ મેઘાણીની ૧૨૦મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી. જેમાં કોલેજના આચાર્ય ડૉ. રાજેશ ત્રિવેદીએ ઝવેરચંદ મેઘાણીના જીવન અને સાહિત્ય વિશે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત કોલેજના સાહિત્યરસિક સંચાલક શ્રી નવિનભાઇ ભોજકે મેઘાણીના જીવન પ્રસંગો અને તેમની સાહિત્યકૃતિઓનો રસાસ્વાદ કરાવીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજની વિદ્યાર્થિનીઓ પરમાર રંજન અને સિંધવ રશ્મિએ ઝવેરચંદ મેઘાણીના જીવન અને કવન વિશે રસપ્રદ રીતે વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત પરમાર રંજન, સિંધવ રશ્મિ અને રાવલ દર્શનાએ મેઘાણીનું 'કસુંબીનો રંગ' ગીત ગાયું હતું. જ્યારે કલેજનાં અધ્યાપિકા નેહા દેસાઇએ 'મારું મન મોર બની થનગનાટ કરે...' ગીત ગાયું હતું. ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. મુકેશપુરી એચ. સ્વામીએ મેઘાણીના વ્યક્તિત્વ, સાહિત્ય અને એમની કવિતાઓનું ગાઇને રસપાન કરાવ્યું હતું. તેમજ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમની આભારવિધિ ડૉ. રછોડભાઇ રબારીએ કરી હતી.

✻ તા. ૨૭-૬-૨૦૧૬ને સોમવારના રોજ **રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કોલેજ, મહેસાણા**માં કુ. હેલન કેલર જન્મજયંતી ઉજવાઇ. ઉપરોક્ત વિશેષ દિવસે ડૉ. અર્ચનાબેન એન. બારોટે મૂક-બધિર અને અંધ એવા કુ. હેલન કેલરના પ્રેરણાદાયક જીવન અંગે વ્યાખ્યાન આપ્યું હતું. આખા વિશ્વમાં આ દિવસ મૂક-બધિર અને અંધજનોના કલ્યાણ અર્થે ઉજવાય છે. આમ, આ ખાસ દિવસે વ્યાખ્યાન આપીને આવા મહાન સન્નારીની યાદ તાજી કરાવી હતી અને તાલીમાર્થીઓ તેના લાભાર્થી બન્યા હતા.

✻ હેમ.ઉ.ગુજ.યુનિ., પાટણ સંલગ્ન અને વિશ્વમંગલમ્ કે. મંડળ હિંમતનગર સંચાલિત **મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી**ના હિન્દી વિભાગના ઉપક્રમે તા. ૧-૮-૨૦૧૬ના રોજ પ્રા.વી.જી. પટેલ અને પ્રા. બી.એફ. દેસાઇની ઉપસ્થિતિમાં તેમજ ડૉ. પ્રકાશ એચ. પટેલના માર્ગદર્શન હેઠળ ડેલ લેબમાં પ્રેમચંદ જન્મજયંતી કાર્યક્રમ નિમિત્તે પ્રેમચંદ કૃત સદ્‌ગતિ કહાની આધારિત નિર્મિત સદ્‌ગતિ ફિલ્મ નિદર્શન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થિનીઓએ પ્રેમચંદ કૃત સદ્‌ગતિ ફિલ્મ જોઇ. ફિલ્મ નિદર્શનના ભાવ સુંદર કાર્યક્રમોના આયોજન બદલ મંડળના પ્રમુખ મા.શ્રી ડી.એલ. પટેલે તેમજ પ્રિ. ડૉ. કે.એલ. પટેલ અને વિભાગાધ્યક્ષ સાહેબે ડૉ. પ્રકાશ એચ. પટેલને બિરદાવી અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડેલ લેબ લેબ-કોર્ડિનેટર, શ્રીમતી રાગીણીબેન ઔદિચ્યએ કર્યું હતું.

✻ અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત **ડી.ડી.ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, મોડાસા**માં તા. ૧૧-૮-૨૦૧૬ના રોજ 'બંદે મે હૈ દમ' કાર્યક્રમ યોજાઇ ગયો. ૨૦૨૦માં આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી થનાર છે. એ સંદર્ભે કોલેજમાં વિશ્વ ગ્રામ સંસ્થાના શ્રી સંજય-તુલાના સહયોગથી 'બંદે મે હૈ દમ' ગાંધી ૧૫૦ નોટ આઉટ શીર્ષક હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે દ્વારા વિદ્યાર્થીઓ થકી ગાંધીજીના આચાર-વિચાર લોકો સુધી પ્રસરે તેવો ઉદ્દેશ્ય છે. આ પ્રસંગે અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટના હોદ્દેદારો અને કોલેજનો સમગ્ર સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહીને આ અંગે પોતાના વિચાર વ્યકત કર્યા હતાં. કોલેજના પ્રિન્સીપાલશ્રી એન.ડી. પટેલના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. હેમંત સુથાર અને પ્રા. ડૉ. દિલીપ સોંદરવાએ કર્યું હતું.

**પ્રવેશોત્સવ**

✻ શ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત **શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સ, મોડાસા**માં તા. ૧૪-૭-૨૦૧૬ રોજ પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજના બી.કોમ. સેમ-૧ના કુલ ૪૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં કોલેજના અને પરીક્ષા અંગેના નીતિ નિયમો, યુનિવર્સિટી પરીક્ષા અંગે અને કોલેજની શૈક્ષણિક અને ઈત્તર પ્રવૃત્તિઓ જેવી કે એન.એસ.એસ., એન.સી.સી., સ્પોટ્ર્સ, લાયબ્રેરી, સ્પર્ધા, ડેલ-સ્કોપ, આઇ.ક્યુ.એ.સી., ઉદ્દીશા વગેરેની માહિતી પ્રિન્સીપાલ અને અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. કોલેજના પ્રિ. ડૉ. સુધીર જોષી સાહેબે તેમજ સંચાલક મંડળના પ્રમુખશ્રી નવિનચંદ્ર મોદી તથા મંત્રીશ્રી સુભાષભાઇ શાહએ વિદ્યાર્થીઓને પ્રેરક અને ઉપયોગી માહિતી આપી સહર્ષ આવકારી અભિનંદન આપી, ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. એમ.કે. પટેલે કર્યું હતું.

✻ **લૉ કોલેજ, હિંમતનગર** દ્વારા વર્ષ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રથમમ સત્રની શરૂઆતમાં એલ.એલ.બી.ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સિનિયર એડવોકેટ અને રીટાયર્ડ સહકારી રજિસ્ટારશ્રી એ.એમ. સાચોરા તથા અતિથિ વિશેષ તરીકે હિંમતનગર નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નીલાબેન કે. પટેલ તેમજ હિંમતનગર કેળવણી મંડળના પ્રમુખશ્રી નાથાભાઇ એમ. પટેલ અને ઉપપ્રમુખશ્રી ડૉ. કે.કે. પટેલ હાજર રહેલ હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઇ-બહેનોને કાયદાના અભ્યાસથી મળતી તકો અને કાયદા ક્ષેત્રમાં મળવાપાત્ર ઉજ્જવળ કારકિર્દી અંગેનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ કાર્યક્રમની શરૂઆત લો કોલેજ, હિંમતનગરના કાર્યકારી આચાર્ય ડૉ. પી.કે. પંડ્યાએ સ્વાગત પ્રવચનથી કરેલ હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રાધ્યાપકશ્રી એસ.આર. ભટ્ટે કરી હતી. કોલેજ પરિવારના અથાગ પ્રયત્નોથી કાર્યક્રમ સફળ રહેલ હતો.

**વૃક્ષારોપણ**

✻ હેમ.ઉ.ગુજ.યુનિ., પાટણ સંલગ્ન અને વિશ્વમંગલમ્ કે. મંડળ હિંમતનગર સંચાલિત મહિલા **આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી** ખાતે તા. ૧-૭-૨૦૧૬ને શુક્રવારે એન.એસ.એસ. યુનિટ તેમજ સામુદયચિક સેવાધારાના ઉપક્રમે મા.શ્રી. ડી.એલ. પટેલ શિક્ષણવિદ્, પ્રમુખ વિદ્યાનગરી)ની પ્રેરણાથી પ્રિ. ડૉ. કે.એલ. પટેલના માર્ગદર્શન નીચે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. જેમાં સર્જન ટ્રસ્ટ હિંમતનગરના મા. શ્રી મહેન્દ્રભાઇ ડી. પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. વિદ્યાનગરીના દશાબ્દી મહોત્સવ અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમમાં મા.શ્રી ડી.એલ. પટેલના ૭૫મા જન્મ વર્ષ અમૃતપર્વની ઉજવણી નિમિત્તે (વૃક્ષ છોડ) ભેટ અર્પણ કરવામાં આવ્યા. જેને વિદ્યાર્થિનીઓ દત્તક લેતાં પોતાના ઘરે અને કોલેજમાં તેનું સંવર્ધન કરશે. તેની ખાતરી આપી. સમાજસેવા અને પર્યાવરણની જાગૃતિ સંબંધી આ કાર્યક્રમને શ્રી ડી.એલ. પટેલ સાહેબે બિરદાવ્યો હતો. ગતિશીલ ગુજરાત માટે પર્યાવરણની જાળવણી ખુબ મહત્ત્વની છે તેવું જણાવી પ્રોગામ ઓફિસર ડૉ. પ્રકાશ એચ. પટેલ તેમજ પ્રા. રમણભાઇ પટેલને અભિનંદન આપ્યા હતા. દરેક દિકરી વૃક્ષ વાવે અને તેનું સંવર્ધન કરે તે પ્રવૃત્તિ સાચા અર્થમાં ગુરૂદક્ષિણા છે તેવું જણાવી સમાજસેવા માટે હંમેશાં તત્પર રહેવાની હાકલ કરી હતી. સમગ્ર સ્ટાફ મિત્રો તેમજ સેવક મિત્રોના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

**ઓરિએન્ટેશન**

✻ **શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુર** ખાતે તા. ૧-૭-૨૦૧૬ના રોજ સી.બી.સી.એસ. ઓરિએન્ટેશન કાર્યક્રમ પ્રથમ વર્ષ બી.એ. સેમ-૧ની વિદ્યાર્થિનીઓ માટે યોજવામાં આવ્યો. સામુદાયિક સેવાધારા ઉપક્રમે ઉદીશા,

સ્કોપ, સફાઇ અભિયાન, પ્રાર્થના, સંધ્યાની માહિતી પૂરી પાડવામાં આવી. કોર, ઇલેક્ટ્રીવ, ફાઉન્ડેશન અને જેનરિક વિષે તથા કોલેજમાં ચાલતી અન્ય પ્રવૃત્તિઓની વિશેષ માહિતી આપવામાં આવી. ધારાના ઇન્ચાર્જશ્રી ડૉ. પ્રહલાદભાઇ પ્રજાપતિ તથા ડૉ. આર.એ. પટેલે વિવિધ બાબતોની સ્પષ્ટતા કરી. આચાર્યશ્રી ડૉ. સુરેશભાઇ પટેલે વિદ્યાર્થિનીઓને વર્ષ દરમ્યાન યોજાનાર કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્ણ ભાગ લેવા જણાવ્યું.

**ગુરુપૂર્ણિમા**

※ **શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં** સંસ્કૃત વિભાગ દ્વારા તા. ૧૯-૭-૨૦૧૬ના રોજ બી.એ. અને એમ.એ. સેમ-૧, ૩ અને ૪ના વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમા વ્યાસ જયંતિ નિમિત્તે સુંદર કાર્યક્રમનું આયોજન કર્યું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા જીવનમાં ગુરૂનું મહત્ત્વ, સ્તોત્રગાન, ગીત વગેરે રજૂ કરવામાં આવ્યા. કોલેજના આચાર્યશ્રીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સંસ્કાર અને સંસ્કૃતિનું મહત્ત્વ સમજાવ્યું. તેમાં સંસ્કૃત વિભાગના તમામ અધ્યાપકોએ હાજર રહી ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વ સમજાવતાં મહર્ષિ વ્યાસ પર વ્યાખ્યાન આપ્યા.

**થેલેસેમિયા**

※ તા. ૧૧-૭-૨૦૧૬ના રોજ **શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણાના** બી.કોમ્. સેમે-૧ના વિદ્યાર્થી ભાઇ-બહેનો માટે થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રિ. ડૉ. જે.કે. પટેલ તથા શ્રી ઇશ્વરભાઇ એલ. પટેલની આગેવાની હેઠળ કોલેજના કુલ ૪૧૫ વિદ્યાર્થી ભાઇ-બહેનોનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો.

**વિદ્યાર્થી પરિષદ**

※ નવરચિત અરવલ્લી જિલ્લાની હરણફાળ ભરી રહેલ **આર્ટ્સ કોલેજ, શામળાજીમાં** વર્ષ ૨૦૧૬-૧૭ માટે વિદ્યાર્થી પરિષદની રચના કોલેજના પ્રિન્સીપાલ ડૉ. અજય પટેલના અધ્યક્ષ સ્થાને તા. ૮-૭-૨૦૧૬ના રોજ કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલ મિટીંગની શરૂઆત વિદ્યાર્થી પરિષદ ઇન્ચાર્જ પ્રા. રેણુંકાબેન પંડ્યાએ વિદ્યાર્થીઓને પરિષદ રચના અંગે જરૂરી માહિતી પૂરી પાડી કરેલ. પ્રિન્સીપાલ ડૉ. પટેલે વિદ્યાર્થીઓને એન.એસ.એસ., એન.સી.સી., સ્પોર્ટ્સ, સપ્તધારા, પ્રવાસ સમિતિ વગેરે અંગેની સવિસ્તાર સમજ આપી એલ.આર., જી.એસ.થી માંડી તમામની કામગીરી અંગે સમજ પૂરી પાડેલ સદર મિટિંગના અંતે સર્વાનુમતે પંડ્યા વિવેક જી.એસ. પદે અને નિનામા નિકિતા એલ.આર. પદ માટે ઘોષિત થયેલ. તમામ ઉપસ્થિત વિદ્યાર્થી પ્રતિનિધિઓને વિવિધ કમિટિઓમાં નિમણૂંક આપી કમિટિ ઇન્ચાર્જશ્રીએ શુભેચ્છાઓ પાઠવેલ કાર્યક્રમના અંતે કોલેજે સૌ માટે હળવા નાસ્તાનું આયોજન કરેલ.

※ **શ્રી નવજીવન બી.એડ્.કોલેજ, ડીસામાં** શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ બે વર્ષીય બી.એડ્. અભ્યાસક્રમના ભાગરૂપે સેમ-૩ શિક્ષણમાં નાટ્યકલા વિષય અનુસંધાને પ્રશિક્ષણાર્થીઓ માટે એક વર્કશોપનું આયોજન તા. ૨-૭-૨૦૧૬ને શનિવારના રોજ રાખ્યું હતું. જેનો હેતુ પ્રશિક્ષણાર્થીઓ કલાના માધ્યમ થકી શિક્ષણમાં પોતાની અભિવ્યક્તિ રજૂ કરી શકે. આ વર્કશોપમાં ચાર વિષયો રાખવામાં આવ્યા હતાં. જે પૈકી રાષ્ટ્રપ્રેમ, પ્રકૃતિપ્રેમ, કન્યા કેળવણી, વ્યંગચિત્રો વગેરે જેવા વિષય પર પ્રશિક્ષણાર્થીઓએ પોતાની અભિવ્યક્તિ રજૂ કરી હતી.

**વ્યાખ્યાન**

※ તા. ૩૦-૮-૨૦૧૬ના રોજ **શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝા** મનોવિજ્ઞાન વિભાગ દ્વારા 'Importance & Awareness of Mental Health' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં વક્તા તરીકે ખેડબ્રહ્મા કોલેજના અધ્યાપિકા ડૉ. નિશાબેન તાજપુરીયા ઉપસ્થિત રહી વ્યાખ્યાન આપ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ પ્રો. આશાબેન તડવીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

※ શામળાજી પ્રદેશ કેળવણી મંડળ દ્વારા સંચાલિત **આર્ટ્સ કોલેજ, શામળાજીમાં** તા. ૧૨-૮-૨૦૧૬ના રોજ ગુજરાતી વિષયના ઉપક્રમે ડૉ. પ્રભુદાસ આર. પટેલનું 'લોક સાહિત્ય' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયેલ. તેમાં તેમણે ગરાસિયા આદિવાસીઓના લોકગીતો-શૌર્યગીતો, લગ્નગીતો, પ્રણયગીતો વગેરેની ઝીણવટપૂર્વક રજૂઆત કરી વિદ્યાર્થીઓને રસતરબોળ કર્યા હતા. એમની સાથે બાબુભાઇ ખરાડી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક વસંતભાઇ ગાવિતે કર્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં ગુજરાતી વિભાગના પ્રા. ડૉ. શર્વાણીબહેન અને પ્રા. ડૉ. જાગૃતિબહેન હાજર રહ્યા હતા. આભારવિધિ ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. દલજીભાઇ પટેલે કરી હતી.આ વ્યાખ્યાનમાં ગુજરાતી વિષયના તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યરા હતાં. તેમજ સમગ્ર કાર્યક્રમ માણ્યો હતો. આચાર્યશ્રી ડૉ. અજયભાઇ પટેલે આ પ્રકારના કાર્યક્રમોને શુભકામના પાઠવી હતી.

※ **શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં** મહિલા સેલ અંતર્ગત કોલેજની વિદ્યાર્થિનીઓની સુરક્ષાને ધ્યાને લઇ ગેસ સેફ્ટી વિષય પરા આર.આર. ટેડર્સના મેનેજર રસીકભાઇ પ્રજાપપતિનું વ્યાખ્યાન યોજાયું. ગેસનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી ઘણી ઉપયોગી અને વ્યવહારુ માહિતી આપી. વિવિધ ઘરેલું અકસ્માતમાંથી બચવાના ઉપાયોને વિવિધ અકસ્માતોના ઉદાહરણ આપી સમજાવ્યા. વિપરીત પરિસ્થિતિમાં કઇ ખાસ બાબતોની સાવધાની રાખવી જોઇએ તે વાત પર ભાર મૂકયો. ગેસનો બાટલો લેતા સમયે તેનું વજન તથા સેફ્ટી ચેકીંગ અવશ્ય કરવાનું તેવું જણાવેલ. કોલેજના આચાર્ય ડૉ. એલ.એસ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન ડૉ. રીટાબેન પારેખે કર્યું. કાર્યક્રમની આભારવિધિ ડૉ. ઉર્વીબેન ગોસ્વામીએ કરી.

※ તા. ૧૨-૭-૨૦૧૬ના રોજ **શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં** કોમર્સ વિભાગ દ્વારા બેંકિંગ અંગે વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. જેમાં સ્ટેટ બેંક ઊંઝાના બ્રાન્ચ મેનેજરશ્રી એ.કે. ઓઝા તથા સહકર્મચારીઓ વિનયકુમાર પટેલ અને વિવેક વર્મા ઉપસ્થિત રહી બડીસોફ્ટવેર, ક્લિયરીંગ, લોન વગેરે બેંકિંગ વિશેની માહિતી આપી હતી. કોલેજના આચાર્યશ્રી ડૉ. રાકેશ રાવે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત પ્રવચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની અંદર કોમર્સ વિભાગના તમામ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ડી.કે. પટેલે કર્યું હતું.

※ **શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરમાં** યુવા કેન્દ્ર સ્વાધ્યાય પરિવાર દ્વારા નિસર્ગ તરફનો દષ્ટિકોણ વિષય

પર વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. રાજેશ ત્રિવેદીએ પ્રકૃતિ સાથે માનવીનો તાદાત્મ્ય સંબંધ તથા પર્યાવરણની જાળવણી વિશે પોતાના વિચારો રજૂ કર્યા. ત્યારબાદ વક્તાશ્રી ડોડીયા ગીરીષભાઇએ નિસર્ગ તરફનો દૃષ્ટિકોણ વિષય પર વૃક્ષ-મંદિર, માધવવન તથા વૃક્ષમાં આત્મા વિશે વિસ્તારથી ચર્ચા કરી. દશરથભાઇ ઠાકોરે યુવા કેન્દ્ર વિષય પર વિદ્યાર્થીમાં રહેલી શક્તિઓને યોગ્ય દિશા આપવા તથા કલ્પેશભાઇ પંડ્યાએ ઉપનિષદ અને ગીતા જેવા ધાર્મિક ગ્રંથોના ઉદાહરણ આપી સ્વાધ્યાય પ્રવૃત્તિ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. મૂળજીભાઇ પટેલે કરી હતી.

**વેલકમ પાર્ટી**

✻ શ્રી ઊંઝા કેળવણી મંડળ સંચાલિત **એ.એસ.બી. પટેલ કોલેજ ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન, ઊંઝા**માં તા. ૩૦-૭-૨૦૧૬ના રોજ વેલકમ પાર્ટી યોજેલ. જેમાં અધ્યક્ષ પદે શ્રી પ્રહલાદભાઇ આર. પટેલ (ઉપપ્રમુખશ્રી), મુખ્ય મહેમાન પદે શ્રી વસંતભાઇ એન. પટેલ (માનદ્મંત્રીશ્રી), અતિથિ વિશેષ પદે શ્રી રાજેન્દ્રકુમાર એસ. પટેલ (ખજાનચીશ્રી) અને શ્રી જશવંતભાઇ બી. પટેલ (કારોબારી સભ્યશ્રી) તથા અન્ય ટ્રસ્ટી-કારોબારી સભ્યો, કોલેજના સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતાં. વેલકમ પાર્ટીમાં સિનિયર વિદ્યાર્થીઓએ હૃદયપૂર્વક બી.બી.એ./બી.કોમ્. (અંગ્રેજી માધ્યમ) સેમ-૧ના વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. જેમાં વિવિધ ડાન્સ, ગરબા તથા સામાજિક નાટકો રાખવામાં આવ્યા હતા. પ્રિન્સિપાલશ્રી અલ્પેશ એ. સોની તથા સ્ટાફ મિત્રોએ પ્રસંગને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

**વિતરણ**

✻ તા. ૨૬-૭-૨૦૧૬ના રોજ **આર્ટ્સ કોલેજ, શામળાજી**માં જાયન્ટ્સ કલબ પરિવાર-મોડાસાના સૌજન્યથી ભગવદ્ ગીતાનું વિતરણ કરાયું હતું. જેમાં આશરે પચ્ચીસ જેટલા છાત્રો અને અધ્યાપક ભાઇ-બહેનોએ આ ગીતા વિતરણનો લાભ લીધો હતો. સંસ્કૃતના મુખ્ય વિષયના છાત્રો અત્રે ટી.વાય. બી.એ.માં ગીતાનો અભ્યાસ કરે છે. આ પ્રસંગે મોડાસાની જાયન્ટ્સ કલબના પ્રમુખશ્રી નિલેશભાઇ જોષીએ લાગણીસભર વ્યાખ્યાન આપેલું તેમજ જીવનની સમસ્યાઓનું સમાધાન ગીતામાં હોવાનું જણાવેલ. ઉપરાંતના વક્તાશ્રી મનુભાઇ શાહે પણ ગીતાને દૈનિકજીવન સાથે જોડીને અભ્યાસ અને ભક્તિ કરી શકાય છે એવું સમજાવેલ. શ્રી વિપુલભાઇ રાણા, શ્રી વિનોદભાઇ પટેલ, શ્રી રાઠોડભાઇ, ડૉ. શાહ, શ્રી ચિંતનભાઇ જાની, આચાર્ય શ્રીમતી જીજ્ઞાબેન રાણા ઇત્યાદિએ હાજરી આપી કાર્યક્રમને શોભાવ્યો હતો. સંસ્કૃત વિભાગના સહુ અધ્યાપક મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. પ્રા. ડૉ. મધુસૂદન વ્યાસે આયોજન કરેલ તેમજ આભારવિધિ પ્રા. ડૉ. વર્ષાબેન પટેલે કરી હતી.

**સ્વાતંત્ર્ય પર્વ**

✻ **આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભિલોડા**માં ૧૫મી ઓગસ્ટની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. એન.સી.સી.નાં વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કોલેજના ક્લાર્કશ્રી વિણાબેન ઝાલાનાં હસ્તે ધ્વજવંદન કરાયું હતું. પ્રિ.શ્રી ડૉ. દિનેશચંદ્ર ચોબીસા સાહેબ તેમજ અધ્યાપકશ્રી ડૉ. કે.ટી. ખડદીયા સાહેબે રાષ્ટ્રીયપર્વ નિમિતે પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતં. આભારવિધિ પ્રો. ડૉ. સંજયભાઇએ કરી હતી. કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ., એન.સી.સી. અને સાંસ્કૃતિક કમિટિ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક કમિટિના કન્વીનરશ્રી ડૉ. ભાવના સોનીએ કર્યું હતું.

**સંસ્કૃતોત્સવ**

✻ **ટી.એમ. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, ઇડર**માં સંસ્કૃત વિભાગના ઉપક્રમે અષાઢસ્ય પ્રમથ દિવસે સંસ્કૃતોત્સવ તા. ૫-૭-૨૦૧૬ના રોજ ઉજવાઇ ગયો. કાર્યક્રમના પ્રારંભે કોલેજના આચાર્યશ્રી ડૉ. કરુણા ત્રિવેદીએ વિદ્યાર્થિની બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ ક્રમશઃ ડૉ. અરવિંદ પટેલ અને ડૉ. દક્ષા જોષીએ વિદ્યાર્થિની બહેનો સમક્ષ કાલિદાસનું જીવન, સમય અને તેમના સાહિત્ય સર્જનનો રસપ્રદ શૈલીમાં પરિચય કરાવ્યો હતો. આ ઉપરાંત મેઘદૂત કૃતિને કેન્દ્રમાં રાખી તેનું સમગ્રદર્શી મૂલ્યાંકન, પ્રશ્નોત્તરી, છંદ પરિચય તથા વિદ્યાર્થિની બહેનો દ્વારા મંદાક્રાન્તા છંદમાં છંદોબધ્ધ શ્લોકગાન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન સંસ્કૃત વિભાગે સંભાળ્યું હતું.

✻ તા. ૨૩-૮-૨૦૧૬ના રોજ **આર્ટ્સ કોલેજ, શામળાજી**માં મોટા ઉત્સાહ સાથે સંસ્કૃત દિવસની ઉજવણી થઇ હતી. બાલુંદરાની પાઠ શાળાના પ્રધાનાચાર્યશ્રી કુલદિપ પુરોહિતે પોતાના છાત્રોને લઇને શાસ્ત્રાર્થનું નિદર્શન કરાવેલું. તેમજ ૨૦૦ છાત્રો સમક્ષ સંસ્કૃતનું મહાત્મ્ય વર્ણવ્યું હતું. સંસ્કૃત વિભાગના છાત્રોએ પણ અત્રે પોતાની સહભાગીતા દર્શાવેલ. ડૉ. ઉર્વસીબેન પટેલે સંચાલન કરેલ. તેમજ આભારવિધિ ડૉ. વર્ષાબેન પટેલે કરેલી. આ કાર્યક્રમમાં પ્રા. ડૉ. સંજય પંડ્યા અને સંસ્કૃત વિભાગાધ્યક્ષ પ્રા. ડૉ. એમ.એમ. વ્યાસે છાત્રોને સંસ્કૃત માધ્યમથી બોલવા-લખવા પ્રેરણા આપેલી. ડૉ. અજયભાઇ પટેલ (પ્રિન્સીપાલશ્રી)એ શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

## સબરસ

**શિક્ષક :** જો આપણી સ્કૂલની સામે કોઈ બોમ્બ મુકી જાય તો તમે શું કરશો ?

**પીન્ટુ :** પાંચ-દશ મિનિટ રાહ જોઈ, જો કોઈ લેવા ના આવે તો સ્ટાફ રૂમમાં જમા કરાવી દેવાનો.

નિયમ ઈ નિયમ...

કુલસચિવ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક : ડૉ. નિલેશ પટેલ કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ એ મુદ્રણસ્થાન : વિનોદ પ્રિન્ટરી, સિદ્ધરાજ રોડ, પાટણ ખાતે છાપ્યું. અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, યુનિવર્સિટી રોડ, પાટણ- ૩૮૪ ૨૬૫ થી પ્રસિદ્ધ કર્યું. ફોન : ૨૨૨૭૪૪ વ્યક્તિગત લવાજમ રૂ.૫૦